જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૨/૨૦૧૪ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૪૪/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી ૨૧૩ લીટર દેશી દારૂ, ૫૭૩ બોટલ ઈંગ્લીશ દારૂ,૧૧૦૪ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ ઓટોરિક્ષા કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૪૫/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશઃ-** **સમાચાર યાદી નં.૩૦૪૬/૧૪**

**નારણપુરાઃ** ભાવીન ઉર્ફે ભાવેશ વિંનોદભાઈ ચૌહાણ (રહે. સૌરાબજી કમ્પાઉન્ડ હાલારનગરની ચાલી ગાંધીનગરનો ટેકરો જુના વાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૨/૧૪ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે આરોપી (૧) કાલુભાઇ ગોહીલ (૨) સુનિલભાઇ ઉર્ફે ચોટી રમેશભાઇ વાઘેલા (૩) ભયલુભાઇ બળવંતભાઇ ગોહીલ (૪) સુનિલની મમ્મી ઉષાબેન રમેશભાઇ વાઘેલા (ચારેય રહે. ગાંધીનગરનો ટેકરો જુના વાડજ) તથા પચાસેક અજાણ્યા માણસોના ટોળાએ સંપ થઈ જુના ઝગડાની અદાવત રાખી તલવાર તથા લોખડની પાઇપ તથા ધોકા વડે અને પથ્થર મારો કરી સાહેદોને ઇજાઓ પહોચાડી અને જાનથી મારી નાખવાના ઇરાદે આરોપીઓ એક સાહેદને માથાના ભાગે તલવારના ઘા મારી મારી નાખવાની કોશિશ કરી હતી.આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.આર. ધમલ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં. ૩૦૪૭/૧૪**

**સરખેજઃ** સીરાઝભાઈ સુલતાનભાઈ ખસા (રહે.રોયલપાર્ક હરીયાલી સોસાયટીની બાજુમાં જુહાપુરા) એ તા.૧૩/૧૨/૧૪ રાતના ૯/૩૦ વાગે સરખેજ જુહાપુરા રોડ સરખેજ સમ્રાટ હોટલ સીટી પ્લસ સીનેમા આગળ આઈસર ગાડી નંબર જીજે ૪ વી ૫૦૬૬ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૪/૧૨/૧૪ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ સીરાજભાઈ ખસાએ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ બી ચૌધરી ચલાવે છે.

**નારણપુરાઃ** યુસુફભાઇ ગુલાબભાઇ બેલીમ (રહે. સિધ્ધીકાળાદા કોલોની સાહેબનગર પાસે અંબર ટાવર પાસે સરખેજ) એ તા.૧૧/૧૨/૧૪ સાંજના ૫/૦૦ વાગે ઉસ્માનપુરા દરગાહ બહાર બગીચા આગળ પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧ સીયુ ૮૫૧૮ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી દોઢ કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ યુસુફભાઈ બેલીમએ તા.૧૪/૧૨/૧૪ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એચ ખરસાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં. ૩૦૪૮/૧૪**

**શહેરકોટડાઃ** જીતેન્દ્રભાઈ પુજાભાઈ પરમાર (ઉ.વ.૩૨) (રહે.ડી કોલોની વિજય મીલ ફ્રુટ માર્કેટ પાસે નરોડા) એ મજુરી કામ ન મળતા મનમાં લાગી આવતા તા.૧૪/૧૨/૧૪ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ શહેરકોટડા પોલીસ ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં.૩૦૪૯/૧૪**

| | |
|---|---|
| **શહેરકોટડા :** નફીસાબહેન શકુરભાઈ ઘાંચી (ઉ.વ.૧૭) (રહે.રામલાલની ચાલી કાલુપુરબ્રીજ નીચે અમદુપુરા) તા.૧૦/૧૨/૧૪ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ રંગનુ ટોપ અને કાળા રંગનો બુરખો પહેર્યો છે. ઉંચાઈ ૪ ફુટ ૯ ઈંચ છે. (શહેરકોટડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર.૨૨૯૨૦૦૦૭) |  |
| **રાણીપઃ** મનિષાબહેન પ્રવિણભાઈ ચોપાજી (ઉ.વ.૧૪)(રહે.પરમસુખ સોસાયટી રાણીપ) તા.૪/૧૨/૧૪ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. લીલા રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. પીઠના ભાગે ખુંદ છે. ઉંચાઇ ૪ ફુટ ૬ ઈંચ છે. (રાણીપ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૫૧૦૧૦) |  |
| **ચાંદખેડાઃ** અપુર્વા ત્રીભોવન પરમાર (ઉ.વ.૨૨) (રહે.વિરમાયાનગર આઈઓસી સામે ચાંદખેડા) તા.૨/૧૨/૧૪ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી નોકરી જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. લાલ-પીળા રંગની સાડી પહેરી છે. ઉંચાઈ ૪ ફુટ ૬ ઈંચ છે.(ચાંદખેડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૩૨૯૧૨૭૫) |  |
| **માધવપુરાઃ** મહેતાબબાનુ ઈલીયાસભાઈ ચાપાનેરીયા(ઉ.વ.૧૬) (રહે.દરજીની ચાલી ઈદગાહ પુલ નીચે માધવપુરા) તા.૫/૧૨/૧૪ બપોરના ૧/૩૦ વાગ્યાનાં સુમારેથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. પીળા રંગનુ ટોપ અને રાણી રંગનો પાયજામો પહેર્યો છે. ઉંચાઈ ૪ ફુટ ૬ ઇંચ છે (માધવપુરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૬૩૨૧૦૦) |  |
| **ગોમતીપુર :** મીનાબહેન ખુશાલભાઈ સોલંકી (ઉ.વ.૨૮)(રહે. શહેરી ગરીબ આવાસ યોજના વિવેકાનંદનગર રખીયાલ રોડ ગોમતીપુર) તા.૧૦/૧૨/૧૪ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ છે . પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ-લીલા રંગનો ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે. (ગોમતીપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૪૧૯૨૧) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.